# કોરોના વાઇરસ જાગૃતિ કાર્યક્રમ

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ડો.આવા શુક્લ નિયામક શ્રી (વિદ્યાર્થી સમર્થન વિભાગ) ના અધ્યક્ષપદના માર્ગદર્શન હેઠળ વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત કોરોના વાઇરસ જાગૃતિ અંગેનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.પ્રિયાંકી વ્યાસ તેમજ ડો. સોનલ સેવકને સોપવામાં આવ્યું. ગાંધીનગર જિલ્લો, કલોલ તાલુકામાં આવેલ જાસપુર ગ્રામ પંચાયત મુકામે આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. સરપંચ શ્રી દિનેશભાઇ જી. પ્રજાપતિ, ડેપ્યુટી સરપંચ શ્રી જસવંતભાઈ એ. પટેલની અનુમતિ અને હાજરીમાં ,ગ્રામવાસી શ્રી રાકેશભાઈ પરમાર તેમજ ગામની બહેનોના સુલભ સહયોગ સાથે સમગ્ર જાગૃતિ કાર્યક્રમને સફળ રીતે હાથ ધરવામાં આવ્યો. યુનિવર્સિટીના કર્મચારી શ્રી અંકિતભાઈ ગોહિલ, સેવક શ્રી યોગેશભાઈ પરમારે કોરોના વાઇરસ જાગૃતિ અંગેના પોસ્ટર્સ ગામના મોકાના સ્થળે લગાવવામાં ખૂબ સુંદર રીતે કામગીરી નિભાવી. શ્રીમતી ભગવતિબેન પરમાર, તથા ગામની બહેનો સાથે સહજ પરિચય મુલાકાતમાં ભાગ લીધો. ડો.પ્રિયાંકીબેન તેમજ ડો.સોનલબેન સેવકે આ વાઇરસ અંગેના લક્ષણો, તેમાં જરૂરી કાળજીના પગલાં તેમજ નિર્ભય બની તેનો ગભરાટ અન્ય લોકોમાં ન ફેલાય તે અંગેની વિવિધ સમજ આપી.

સહુના સાથસહકાર સાથે યુનિવર્સિટીના પ્રતિનિધિપણા હેઠળ સહૃદય આભાર સાથે કાર્યક્રમનું સમાપન કર્યું.સહુના સ્વાસ્થ્યની મંગળ કામના સાથે સહુ છૂટા પડ્યા.

અહેવાલ લેખન: ડો.સોનલ સેવક

નોધ: આ સાથે કાર્યક્રમના ફોટો મોકલેલ છે.










Report submitted by Dr.Sonal Sevak about the Corona Awreness Program held at Jaspur Gram Panchayat on 19-03-2020




Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)